કોંગ્રેસ અગ્રણી અહેમદ પટેલનું થોડાક સમય પહેલા નિધન થયુ હતુ. તેમને શ્રદ્ધાંજલી પાઠવવા રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત ગુજરાત પધાર્યા હતા. સુરત એરપોર્ટ ખાતે પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા, વિધાનસભા વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણી, બાપુનગર વિધાનસભાના ધારાસભ્ય હિંમતસિંહ પટેલ, નૈષધભાઈ જાનીએ તેઓને આવકાર્યા હતા. ત્યારબાદ અહેમદ પટેલની મઝાર પર જઈ તમામે પુષ્પાંજલી અર્પણ કરી હતી.

સ્માર્ટ સીટીના કામોની ગુણવત્તા અને સમય મર્યાદાના પાલન માટે અસરકારક મોનીટરીંગ કરાશે

ગાંધીનગર, તા. ૨૫

સ્માર્ટ સીટી કંપનીની આજે મળેલ બોર્ડ બેઠકમાં લોકોને ઓછી હાલાકી પડે અને કામગીરી સમય-મર્યાદામાં જ પૂર્ણ થાય તેમજ તે અંગે અસરકારક મોનીટરીંગ થાય તે માટે અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

ગાંધીનગર સ્માર્ટ સીટી કંપનીની આજે ચેરમેન વ કમિશનરના અધ્યક્ષસ્થાને મહત્વની બેઠક મળી હતી. ગાંધીનગરમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ચાલી રહેલી વિવિધ કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

આજની આ બોર્ડ બેઠકમાં હિસાબો છ મહિનાના ખર્ચ અંગેના રજુ કરવામાં આવ્યા હતા જેને બહાલી આપવામાં આવી હતી.

આ બેઠકમાં બોર્ડમાં નવા આવેલા બે ડિરેક્ટરો જશુભાઈ પટેલ અને ઉચ્ચ અધિકારીનું સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

આ બેઠકમાં શહેરમાં ૨૪૮૭ પેયજળ આપવાના ચાલી રહેલા કામની સર્વગ્રાહી સમીક્ષા દરમ્યાન લોકોને ઓછી હાલાકી પડે તેમજ પાઈપલાઈનો માટેના ખોદકામ પછી પુરાણની કામગીરી યોગ્ય રીતે થાય તે જોવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

આ પ્રોજેક્ટની કામગીરી જે હાલ ગતિમાં છે તે અંગે સંતોષની લાગણી વ્યક્ત કરાઈ હતી. સમય-મર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તેના પર ભાર મુકવામાં આવ્યો હતો.

શહેરમાં ભૂગર્ભ ગટર લાઈનનું કામકાજ આગામી દિવસોમાં શરૂ થવાનુ છે ત્યારે પૂરણની કામગીરી અને ગુણવત્તા જળવાઈ રહે તેના પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. જે રીતે શહેરમાં ગટરલાઈનો ઉભરાઈ જવાની ઘટનાઓ સામે આવી રહી છે તેને પણ ગંભીર લેખી આજની બેઠકમાં આ કામગીરી સંપૂર્ણ સાવધાની સાથે થાય એટલુ જ નહિ લોકોને હાલાકી પણ ઓછી થાય તે જોવા સૂચનાઓ આપવામાં આવી હતી.

આજની બેઠકમાં કામની ગુણવત્તા અને સમય-મર્યાદાના પાલન અંગે સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યા હતા. આ બેઠકમાં કામગીરીનું સમયાંતરે મોનીટરીંગ થાય તેમજ સમીક્ષા બેઠકો યોજવામાં આવે તેના પર ભાર મુકવામાં આવ્યો હતો.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટના જે કામો હાલ ગતિમાં છે તે સમય-મર્યાદામાં પૂર્ણ થઈ જાય તે જોવા પણ જણાવાયુ હતુ.

ગુજરાત વિધાનસભા જાહેર સાહસ સમિતિની પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતીમાં બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત વિધાનસભા જાહેર સાહસ સમિતિના અધ્યક્ષ પ્રદિપસિંહ જાડેજાએ રાજ્ય સરકારની તિજોરીમાં આવતો પૈસો લોકો માટે જ વપરાય છે કેગ દ્વારા જે રિપોર્ટ રજૂ કરવામાં આવે છે તે વિધાનસભામાં મૂકવામાં આવે છે અને ત્યારબાદ અનેક કમિટીઓઓ દ્વારા તે રિપોર્ટની ઝીણવટપૂર્વક ચકાસણી કરવામાં આવે છે તેમ જણાવ્યું હતુ. તેઓએ વધુમાં ઉમેર્યુ કે સરકારની તિજોરીમાં પ્રજાના મહેનતના પૈસા આવતા હોય છે ત્યારે નાગરિકોને પણ તેનું પૂરેપૂરું વળતર મળે તે જોવાની ભૂમિકા રાજ્ય સરકારની છે. અને એટલે જ સરકારમાં વોચડોગની ભૂમિકા કેગ કરે છે.

પ્રદિપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે આજે આપણે અનેક દેશો સાથે ગળાકાપ સ્પર્ધા કરી રહ્યા છીએ અને વિશ્વ ગ્લોબલ વિલેજ બની ચૂક્યું છે ત્યારે ભારતને વિશ્વ ગુરુ બનાવવાનો લક્ષ્યાંક છે. ત્યારે બદલાતા સમય

સાથે નવા નવા આયામોમાં બદલાવ લાવવાની ભૂમિકા સાથે કાર્ય કરવાની હિમાયત કરી હતી.

લેખા પરીક્ષા જાગૃતતા સપ્તાહ દરમિયાન ઓડિટ વિભાગ અમદાવાદ દ્વારા વિવિધ પ્રતિયોગિતાઓ યોજવામા આવી હતી. જેના સ્પર્ધક વિજેતાઓને પૂર્વ ગૃહમંત્રી અને જાહેર સાહસો માટેની સમિતિના અધ્યક્ષ પ્રદીપસિંહ જાડેજાના વરદ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઓડિટ જનરલ ડાયરેક્ટર, અંડર સેક્રેટરી, વરિષ્ઠ ઉપ મહાલેખાકાર, ઉપ મહાનિયામક, વરિષ્ઠ પરીક્ષા લેખા અધિકારી અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

સ્પીપા દ્વારા આજથી યુપીએસસીનાં તાલીમ વર્ગોનો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૫

અખિલ ભારતીય સેવામાં ગુજરાતના યુવાનોનું પ્રમાણ નહિવત હોવાથી ગુજરાતમાં રહેતા યુવાનો પણ યુપીએસસીની પરીક્ષા પાસ કરીને રાષ્ટ્રવિકાસમાં પોતાનું આગવું યોગદાન આપી શકે એવા હેતુથી સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા એટલે કે સ્પીપા દ્વારા પસંદ કરાયેલા યુવાનોને યુપીએસસીની પરીક્ષા માટે નિષ્ણાંતો દ્વારા સઘન તાલીમ આપવામાં આવે છે અને જરૂરી સહાય કરવામાં આવે છે.

વર્ષ-૨૦૨૨માં યોજાનાર યુપીએસસીની પરીક્ષાના કોચિંગ વર્ગો આજે ગુરુવારના પવિત્ર દિવસે સ્પીપા અને તેના જુદા જુદા પ્રાદેશિક તાલીમ કેન્દ્રો ખાતે ચાલુ થઈ રહ્યા છે. સ્નાતક થયેલા યુવાનોની પ્રવેશ પરીક્ષા લઈને ચાલુ વર્ષના કોચિંગ માટે કૂલ ૫૦૦ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા છે. અમદાવાદ ઉપરાંત રાજકોટ, વડોદરા અને સુરત ખાતેનાં સ્પીપાના પ્રાદેશિક તાલીમ કેન્દ્રો પર પણ તાલીમવર્ગો શરુ થશે. આ તાલીમ વર્ગોમાં વિષય નિષ્ણાત અનુભવીઓ દ્વારા રોજના સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી વિદ્યાર્થીઓને કોચિંગ અને માર્ગદર્શન આપવામાં આવશે.

ડભોડા જ્વેલર્સની દુકાનમાંથી વેપારીની નજર ચૂકવી મહિલાએ સોનાની ચુની ગાયબ કરી

ગાંધીનગર, તા. ૨૫

ડભોડા ગામે ફોર્ચ્યુન કોમ્પલેક્ષમાં શ્રીનાથ જ્વેલર્સમાં ગ્રાહક બનીને આવેલી મહિલાએ વેપારીની નજર ચૂકવી રૂ. ૧૬૫૦ની સોનાની ચૂનીની ચોરી કરી મહિલા પલાયન થઈ ગઈ હતી. વેપારીએ ડભોડા પોલીસમથકે નરોડા ખાતે રહેતી મહિલા સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા કેશરીનંદન વાટીકા સોસાયટી ફોર્ચ્યુન કોમ્પલેક્ષની પાછળ મકાન નં. ૩૧ ખાતે રહેતા રાહુલસિંહ શૈલેષકુમાર સોલંકી પોતાના પરિવાર સાથે રહે છે અને શ્રીનાથ જ્વેલર્સ નામની દુકાનમાં સોના-ચાંદીના દાગીનાનો વેપાર કરી ગુજરાન ચલાવે છે. ગતરોજ તા. ૨૪ના રોજ બપોરે એક વાગ્યાના અરસામાં રાહુલસિંહ દુકાન ખાતે હાજર હતા તે સમયે એક બહેન મોઢા પર દુપટ્ટો બાંધીને દુકાનમાં પ્રવેશ્યા હતા. તેણીએ સોનાની ચુની ખરીદવાની વાત કરી હતી જેથી વેપારીએ મહિલાને ચુનીઓના બે બોક્ષ બતાવ્યા હતા. ત્યારબાદ મહિલાએ એક ચુનીનું વજન કરવા જણાવ્યું હતું. જેથી વેપારી ચૂનીનું વજન કરવા ગયા હતા. તે વખતે મહિલાએ ચુનીની કિંમત પુછતા વેપારીએ રૂ. ૯૦૦ કીધા હતા. ત્યાર પછી મહિલાએ પાયલ બતાવવાનું કહેતા વેપારીએ ચાંદીની પાયલ બતાવી હતી.

આ અરસામાં વેપારીના પિતાજી પણ દુકાનમાં આવીને બેઠા હતા. મહિલાએ પાયલ જોઈને પાયલ પાછી આપીને વહુને લઈને આવીશ તેમ કહી જતા રહ્યા હતા. ત્યારે વેપારીને શક જતા કેમેરા ચેક કર્યા હતો, કેમેરામાં મહિલા વેપારીની નજર ચુકવી એક ચુની લઈ ગયાનું દેખાતુ હતુ. ત્યારબાદ વેપારી અને તેના પિતા કોઈ અન્ય વેપારી ના છેતરાય તે માટે ચિલોડા તરફ ગયા હતા. ત્યારે આ મહિલા શ્વેતા જ્વેલર્સમાંથી મળી આવી હતી. આ મહિલાને વેપારીએ ચુની અંગે પુછતા ચુની તેમની પાસે હોવાની કબુલાત કરી તે મહિલાએ વેપારીને ચુની પરત આપી હતી. બનાવ અંગે પોલીસને જાણ કરતા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત

દેશભરમાં રંગોળી સ્પર્ધાનું આયોજન : રસ ધરાવનાર લોકોએ ૧૫ ડિસેમ્બર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવું

ગાંધીનગર, તા. ૨૫

ભારત સરકારના સાંસ્કૃત્તિક મંત્રાલય દ્વારા આઝાદીની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી સંદર્ભે આઝાદીકા અમૃત મહોત્સવ અન્વયે સમગ્ર ભારતવર્ષમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રંગોળી સ્પર્ધામાં ભારતનો કોઈપણ નાગરિક કે જેની ઉંમર ૧૪ થી ૪૫ વર્ષની હોય તે ભાગ લઈ શકશે. રંગોળી બનાવવા માટેની તમામ સામગ્રી સ્પર્ધકે લાવવાની રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકે ર્ઁ://ઙ્ઘઙ્ઘઙ્ઘ.ર્ઁઙ્ઘઙ્ઘ.ર્ઁ/ઙ્ઘઙ્ઘઙ્ઘ-ઙ્ઘઙ્ઘઙ્ઘ-ર્ઁઙ્ઘઙ્ઘઙ્ઘ.ર્ઁ વેબસાઈટ પર ૧૫ ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. (૧) જીલ્લા કક્ષાએ (૨) રાજ્ય કક્ષાએ તથા (૩) રાષ્ટ્રીયકક્ષાએ યોજાનાર છે. આ સ્પર્ધાના નિયમો ઉક્ત વેબસાઈટ પરથી મેળવી શકાશે એમ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની યાદીમાં જણાવાયું છે.

નેશનલ પીપલ્સ પાર્ટીનો સ્નેહમિલન સમારોહ યોજાયો

અત્યારે નૂતન વર્ષને અનુલક્ષીને ચોતરફ સ્નેહમિલન સમારોહની સિઝન ચાલી રહી છે જે અંતર્ગત તાજેતરમાં નેશનલ પીપલ્સ પાર્ટી દ્વારા અમદાવાદના ગેલેક્સી સિગ્નેચર કોમ્પ્લેક્સ સાયન્સ સિટી ખાતે પ્રદેશ કક્ષાનો સ્નેહમિલન સમારોહ યોજાવામાં આવ્યો હતો. આ સ્નેહ મિલન સમારોહ પાર્ટીના પ્રદેશ પ્રમુખ બિરેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાતના નાના મોટા વિકાસલક્ષી મુદ્દાઓ બાબતે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી તેમજ આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીઓને અનુલક્ષીને રાજ્યના છેવાડાના જિલ્લાઓમાં વધુને વધુ ગ્રામ પંચાયતોના સરપંચો નેશનલ પીપલ્સ પાર્ટીમાં જોડાય તે અંગે વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી હતી અને તે માટે પાર્ટીના ઉપાધ્યક્ષ વિપુલ રાઠોડ તેમજ પાર્ટી પ્રવક્તા ભાર્ગવ જાનીને જવાબદારી સોંપવામાં આવી હોવાનું પાર્ટીની યાદીમાં જણાવાયું છે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગરમ કપડાંનું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ત્રણ શાળામાં ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. બુધરાસણ, આમાપુર, છાત્રેશ્વરીના તમામ બાળકોને ટોપી સાથેના ગરમ જેકેટ આપવામાં આવ્યા હતા. છાત્રેશ્વરીમાં નાના બાળકોને યુનિફોર્મ આપવામાં આવ્યા હતા. નાના બાળકોને પેન્સિલ, રબર તથા મોટા વિદ્યાર્થીઓને બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં કુલ ૧૭૦ બાળકોને આવરી લેવાયા હતા. આ સેવાકાર્યમાં મિલિન્દભાઈ, વાઘેલાભાઈ, કરસનભાઈ ઉપસ્થિત રહ્યા હતા અને સેવાકાર્ય હાથ ધર્યું હતું.

અપોલો હોસ્પિટલ્સે હૃદયની ગંભીર બિમારી ધરાવતા દર્દીઓ માટે અદ્યતન મિનિમલી ઈન્વેસિવ ટેકનિકનો ઉપયોગ કર્યો

કોરોનરી આર્ટરી બાયપાસ, વાલ્વ રિપ્લેસમેન્ટ કે રિપેર, હૃદયમાં કાણું બંધ કરવા અને ગાંઠો દૂર કરવાની જરૂરિયાત ધરાવતા દર્દીઓ ઓપન-હાર્ટ સર્જરીને બદલે MICSની પસંદગી કરી શકે છે

ભારત સહિત સમગ્ર દુનિયામાં મૃત્યુ માટે જવાબદાર ટોચના કારણોમાં એક કારણ કાર્ડિયોવાસ્ક્યુલર રોગો (CVD) હોવાથી એકલી દવાથી સારવાર ન થઈ શકે એવા દર્દીઓની ઘણી વાર ઓપન-હાર્ટ સર્જરી કરવામાં આવે છે. જોકે ઓપન-હાર્ટ સર્જરી કરવાના વિચારથી હિમ્મત ધરાવતા દર્દીઓ પણ ડરી જાય છે અને ચિંતિત થાય છે, જે માટે હોસ્પિટલમાં લાંબો સમય રહીને સારવાર મેળવવી, ધીમે ધીમે તબિયતમાં સુધારો થવો, સ્કાર અને ઈન્ફેક્શનનું વધારે જોખમ જેવા વિવિધ પરિબળો જવાબદાર છે.

જોકે ટેકનોલોજીમાં પ્રગતિ થવાથી ડૉક્ટરોને દર્દીના હૃદય સુધી પહોંચવાની સરળ રીત મળી છે - જે મિનિમલી ઈન્વેસિવ કાર્ડિયોથોરેસિક સર્જરી (MICS) છે અને એથી ઓપન-હાર્ટ સર્જરીના મોટા ભાગના ગેરફાયદા ઘટાડવામાં નોંધપાત્ર મદદ મળી છે. પ્રમાણમાં નવી સર્જિકલ પ્રક્રિયા MICS કીહોલ કાર્ડિયાક સર્જરી તરીકે પણ જાણીતી છે, જેનું પ્રચલન અપોલો હોસ્પિટલ્સ સહિત સમગ્ર ભારતમાં ગણ્યાંગાંઠ્યાં કેન્દ્રોમાં તબક્કાવાર રીતે વધી રહ્યું છે, જે MICSની સંપૂર્ણ પ્રોફાઈલ પૂરી પાડે છે.

અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદમાં સીનયિર કન્સલ્ટન્ટ કાર્ડિયોથોરેસિક અને વાસ્ક્યુલર સર્જન ડૉ. સુધીર અદાલ્તીએ કહ્યું હતું કે "કોરોનરી આર્ટરી બાયપાસ (સિંગલ કે મલ્ટિપલ)ની જરૂરિયાત ધરાવતા દર્દીઓ વાલ્વ રિપ્લેસમેન્ટ કે રિપેર (સિંગલ કે ડબલ વાલ્વ), હૃદયમાં કાણું બંધ કરવા અને ગાંઠો દૂર કરવા માટે ઓપન-હાર્ટ સર્જરીને બદલે MICSની પસંદગી કરી શકે છે."

કાતિલ ઠંડી વચ્ચે કમોસમી વર્ષાની નિષ્ણાતોની આગાહી

અમદાવાદ, તા.૨૫

રાજ્યના ખેડૂતો માટે વધુ એક માઠા સમાચાર સામે આવ્યા છે. હવામાન નિષ્ણાંત અને આગાહીકારોના મતે ફરી ડિસેમ્બર મહિનામાં માવઠાની આગાહી કરવામાં આવી છે. બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણના લીધે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં માવઠું થવાની સંભાવના એક્સપર્ટસ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ડિસેમ્બરની શરૂઆતમાં જ હવાના હળવા દબાણની અસરથી દેશના ઘણા ભાગોમાં વરસાદી વાતાવરણ જોવા મળી શકે છે.

ડિસેમ્બરમાં આવનાર માવઠામા ભર શિયાળે માવઠાથી જીરાં, ચણા સહિતના પાકને ભારે નુકસાન થઈ શકે છે. જો કે હવે ધીરે ધીરે ઠંડીનો ચમકારો પણ વધી રહ્યો છે. જેથી ૭થી ૯ ડિસેમ્બરે કાતિલ ઠંડી પડવાની સંભાવના છે. તો ૧૯ ડિસેમ્બરથી વાતાવરણમાં પલટો આવી શકે છે. પરંતુ ૨૨ ડિસેમ્બરથી દેશના ઉત્તરીય–પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા અને ગાત્રો થીજવતી ઠંડીની પડવાની શક્યતા છે. ગુજરાતમાં પણ ઠંડીનું જોર વધી રહ્યુ છે. કચ્છના નલિયાનું તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયું છે. તો પાટનગર ગાંધીનગરનું તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે. ડીસા અને અમદાવાદનું તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયું છે. તો અમરેલીનું તાપમાન ૧૮ ડિગ્રી, રાજકોટ અને સુરેન્દ્રનગરનું તાપમાન ૧૯ ડિગ્રી, દ્વારકા અને કેશોદનું તાપમાન ૨૦ ડિગ્રી નોંધાયું છે. આમ, ગુજરાતભરમાં ગુરુવારની સવારે ધુમ્મસભર્યા વાતાવરણ સાથે ઠંડા પવનો ફુંકાયા હતા.

આંજણા યુવક મંડળ, ગુજરાત રાજ્યની ટીમમાં સાબરકાંઠા-અરવલ્લીને સ્થાન

ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી તરીકે યુવાઓની વરણી

બાયડ, તા. ૨૫

આંજણા યુવક મંડળ, ગુજરાત રાજ્ય દ્વારા પ્રમુખ પવન ચૌધરી દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી જેમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના યુવાઓની સંગઠનમાં ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી સહીતના હોદ્દાઓ ઉપર વરણી થતાં જિલ્લાના આંજણા પાટીદાર સમાજની યુવાબ્રિગેડમાં ખુશાલી છવાઈ છે.

મહામંત્રી - હિરેન હિતેષભાઈ ચૌધરી, ધનસુરા
ઉપપ્રમુખ - મયંક મનુભાઈ પટેલ, મુનાઈ
ઉપપ્રમુખ - રાકેશ છગનભાઈ ચૌધરી, સાબરકાંઠા
ઉપપ્રમુખ - કૌશિક નટવરલાલ પટેલ, અંતિસરા
મંત્રી - હરેશ પ્રવીણભાઈ ચૌધરી, સાબરકાંઠા
મંત્રી - તપન અતુલભાઈ પટેલ, બાયડ
મંત્રી - સંકેત શંકરલાલ ચૌધરી, ભિલોડા
સંપાદક - જયેશ જીવણભાઈ ચૌધરી, તલોદ
તંત્રી - દેવાંગ વિઠ્ઠલભાઈ પટેલ, શિકા
સહતંત્રી - કેતક ધનસુખભાઈ પટેલ, અરવલ્લી

આજે પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા "રાષ્ટ્રીય દૂધ દિવસ" ઉજવાશે

ગુજરાત અને કર્ણાટક ખાતે IVF લેબ પણ શરૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા ૨૬-૧૧-૨૦૨૧ના રોજ ડો. વર્ગીસ કુરિયન (મિલ્ક મેન ઓફ ઈન્ડિયા)ની જન્મ શતાબ્દીની ઉજવણી નિમિત્તે "રાષ્ટ્રીય દૂધ દિવસ"ની ટીકે પટેલ ઓડિટોરિયમ, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) કેમ્પસ, NDDB, આણંદ, ગુજરાત ખાતે સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૨.૦૦ વાગ્યા સુધી ઉજવણી કરવામાં આવશે. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ અને ડૉ. કુરિયન દ્વારા બનાવવામાં આવેલી અન્ય સંસ્થાઓ સાથે મળીને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

'આઈકોનિક વીક'-વિભાગ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની સપ્તાહભરની ઉજવણી રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી સાથે સમાપ્ત થશે.

સમારોહ દરમિયાન કેન્દ્રીય પશુપાલન અને ડેરી મંત્રી પરષોત્તમ રૂપાલા દેશમાં દેશી ગાય/ભેંસની જાતિના શ્રેષ્ઠ ડેરી ફાર્મર, શ્રેષ્ઠ કૃત્રિમ બીજદાન ટેકનિશિયન અને શ્રેષ્ઠ ડેરી કોઓપરેટિવ સોસાયટી (DCS)/ દૂધ ઉત્પાદક કંપની/ડેરી ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશનના વિજેતાઓને રાષ્ટ્રીય ગોપાલ રત્ન પુરસ્કાર એનાયત કરશે.

પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ગોપાલ રત્ન પુરસ્કારોના વિજેતાઓના સન્માન ઉપરાંત પરષોત્તમ રૂપાલા ધામરોડ, ગુજરાત અને હેસરગટ્ટા, કર્ણાટક અને સ્ટાર્ટ-અપ ગ્રાન્ડ ચેલેન્જ ૨.૦ ખાતે IVF લેબનું ઉદ્ઘાટન/લોન્ચ પણ કરશે.

ખસેડાશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટૂંકમાં ડિસેમ્બર માસથી મનપાની નવી કચેરી ધીમી ગતિએ ધમધમતી થઈ જશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે માર્ચ-એપ્રિલ સુધીમાં લગભગ તમામ શાખાઓ નવા મકાનમાં કાર્યરત થઈ જાય તેવુ આયોજન છે. આ દિશામાં આગળ વધવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઈન્ટરનેટ અને અન્ય સુવિધાઓ માટેની કાર્યવાહી પણ હાથ ધરી દેવામાં આવી હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે. દરમ્યાન જેમ જેમ નવુ ફર્નિચર આવતુ જશે તેમ તેમ સ્થળાંતરની કામગીરી પણ ઝડપથી હાથ ધરવામાં આવશે. મે-૨૦૨૨ પહેલાં સંપૂર્ણ મનપાની કચેરીઓ કાર્યરત થઈ જાય તે જોવામાં આવશે. ૧૯મી માર્ચના રોજ આ બિલ્ડીંગનું પણ કામ ચાલુ હોવા છતાં અને ફર્નિચર સહિતની કામગીરી બાકી હોવા છતાં તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

દર સુધર્યો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧,૦૦૦ બાળકોએ ૯૨૯ બાળકીઓની થઈ ગઈ છે. એનએફએચએસ-પના અહેવાલ પ્રમાણે સેક્સ રેશિયોમાં સુધારો શહેરોની સરખામણીએ ગામોમાં વધારે જોવા મળી રહ્યો છે. ગામોમાં પ્રત્યેક ૧,૦૦૦ પુરૂષોએ મહિલાઓની સંખ્યા ૧,૦૩૭ છે જ્યારે શહેરોમાં ૯૮૫ મહિલાઓ છે. એનએફએચએસ-૪માં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. તે સર્વે પ્રમાણે ગામોમાં પ્રત્યેક ૧,૦૦૦ પુરૂષોએ મહિલાઓની સંખ્યા ૧,૦૦૯ હતી અને શહેરોમાં તે આંકડો ૯૫૬ હતો. ૧૯૦૧ના વર્ષમાં સેક્સ રેશિયો પ્રત્યેક એક હજાર પુરૂષોએ ૯૭૨ મહિલાઓનો હતો. પરંતુ આઝાદી બાદ તે સંખ્યા ઘટવા લાગી હતી. ૧૯૫૧માં આ આંકડો ઘટીને એક હજાર પુરૂષોએ ૯૪૬ મહિલાઓનો થઈ ગયો હતો. ૧૯૭૧ના વર્ષમાં તે વધુ ઘટીને ૯૩૦એ પહોંચી ગયો હતો. ૨૦૧૧ની જનગણના પ્રમાણે તે આંકડો થોડો સુધર્યો અને પ્રત્યેક ૧,૦૦૦ પુરૂષોએ મહિલાઓની વસ્તી ૯૪૦ થઈ ગઈ. એનએફએચએસ-૫ સર્વે પ્રમાણે દેશમાં પ્રજનન દરમાં પણ ઘટાડો આવ્યો છે. પ્રજનન દર એ વસ્તીનો વૃદ્ધિ દર દર્શાવે છે. સર્વે પ્રમાણે દેશમાં પ્રજનન દર ૨ પર આવી ગયો છે. ૨૦૧૫-૧૬માં તે ૨.૨ હતો.

પ્રતિબંધ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હટાવી લેવામાં આવ્યો હતો, પરંતુ રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને એનસીઆરમાં વાયુ પ્રદૂષણને જોતા સુપ્રીમ કોર્ટે ફરી એકવાર ફરીથી પ્રતિબંધ લગાવી દીધો હતો. બાંધકામ કામો પર પ્રતિબંધ છે. કોર્ટે ઈલેક્ટ્રીકલ, સુથારકામ, ઈન્ટીરીયર વર્ક અને પ્લમ્બીંગ વર્ક પર છૂટ આપી છે. જોકે, વાયુ પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવા માટે, સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં ૧૫ વર્ષથી જૂના પેટ્રોલ વાહનો અને ૧૦ વર્ષથી જૂના ડીઝલ વાહનો પર પ્રતિબંધ મૂક્યો છે. આ સિવાય પીયુસી પણ હવે ફરજિયાત છે. હવે માન્ય પીયુસી વગર વાહન ચલાવતા પકડાયેલા લોકો ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલી શકે છે. એટલું જ નહીં, જો વાહનનું પીયુસી ન કરાવ્યું હોય તો ૩ મહિના માટે ડ્રાઈવિંગ લાઈસન્સ રદ થઈ શકે છે.

સહમત... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર, દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર, ગિફ્ટ સિટી, ડ્રીમ સિટી જેવા પ્રોજેક્ટ મોટું યોગદાન આપશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશના નવ અગ્રણી ઉદ્યોગજૂથો સાથે નવી દિલ્હીમાં બેઠક કરી હતી અને તેમણે વાયબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત રહી મૂડીરોકાણ કરવાની તત્પરતા દર્શાવી છે. આ બેઠકમાં મારૂતિ સુઝૂકીના એમડીએ જણાવ્યું હતું કે રાજ્યમાં અમારૂં મૂડીકોરાણ ૧૬૦૦૦ કરોડનું છે. અમે ગાંધીનગરમાં સેન્ટર ઓફ એક્સલન્સ પણ સ્થાપી રહ્યાં છીએ. અવાડા એનર્જીના ચેરમેન વિનીત મિત્તલે રાજ્યમાં પાંચ વર્ષમાં બિનપરંપરાગત ઉર્જા સેક્ટરમાં ૨૦૦૦૦ કરોડના રોકાણની જાહેરાત કરી હતી.

ઑયો હોટેલ્સ એન્ડ હોમ્સના સંચાલકોએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ૭૫૦ હોટલ સાથે તેઓ સંકળાયેલા છે અને ૭૫૦૦ લોકોને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રોજગારી પુરી પાડે છે. તેઓ હવે સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્થળે પણ હોમ સ્ટેનો પ્રોજેક્ટ શરૂ કરશે. પીઆઈ ઈન્ડસ્ટ્રીઝના એમડી અને વીસી મયંક સિંઘલે કહ્યું હતું કે પીઆઈ ઝડપથી વિકસી રહેલી કૃષિ વિજ્ઞાનની કંપની છે. ગુજરાતના પાનોલી જંબુસરમાં પોતાના ઉત્પાદન એકમો ધરાવે છે. આ કંપનીના સંચાલકો સમિટમાં ઉપસ્થિત રહેશે.

જેસીબીના સીઈઓ દીપક શેટ્ટીએ જણાવ્યું હતું કે તેઓ હાલોલમાં ૬૫૦ કરોડના રોકાણ સાથે ૧૧૦૦ લોકોને રોજગારી આફતો પ્લાન્ટ આગામી એપ્રિલ ૨૦૨૨માં શરૂ કરશે, જ્યારે અર્બન કંપનીના સીઈઓ અભિરાજસિંહ ભાલે જણાવ્યું હતું કે તેમની કંપની એશિયાનું સૌથી મોટું ઓનલાઈન સર્વિસ પ્લેટફોર્મ છે. દેશના ૫૦ શહેરો અને ગુજરાતના અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગરમાં તેમની સેવા આપે છે. દીપક શેટ્ટીએ વાયબ્રન્ટ સમિટમાં સરકાર સાથે જોડાઈને સ્કિલિંગ પ્રોગ્રામ તેમજ આઈટીઆઈના વિદ્યાર્થીઓ સહિત યુવાનોને ઓનલાઈન હોમ સર્વિસ પ્લેટફોર્મ દ્વારા રોજગારી પુરી પાડવાની ઈચ્છા દર્શાવી છે.

આ બેઠકમાં ડીસીએમ શ્રીરામ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને એમડી અજય શર્માએ ગુજરાતમાં તેમના વર્તમાન રોકાણને વધારવાની ઉત્સુકતા દર્શાવી છે. તેઓ કૃષિ અને ગ્રામીણ વ્યવસાયમાં ખાસ કરીને ખાંડ, કોપ કેર કેમિકલ્સ અને હાઈબ્રીડ શિડ્સ ક્ષેત્રે તેમના પ્લાન્ટ સ્થાપવા માગે છે.

રોડ નેટવર્કને...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુણવત્તા જળવાઈ રહે તેની પણ પુરતી તકેદારી રાખવામાં આવશે. એસ જી હાઈવેથી નોર્થ અ